

## ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે.....

અરવલ્લી જીલ્લામાં ધોધમાર વરસાદથી નવરાત્રી મેદાનો તળાવમાં ફેરવતા પ્રથમ અને દ્વિતીય વરાત્રી આયોજક બંધ રાખવાની ફરજ પડી હતી. ત્રીજા નોરતે મેઘરાજાએ ખમૈયા કરતા ખેલૈયાઓ વસ્ત્રાલંકારોમાં સજ્જ થઈ પ્રાચીન-અર્વાચીન સુર અને સંગીતના તાલે ઝુમી ઉઠ્યા હતા. નવરાત્રી મહોત્સવમાં ક્યાંક અર્વાચીન ગરબાના સુર સાંભળવા મળે છે તો ક્યાંક પ્રાચીન રાસગરબાના સુર સંગીતનો સંગમ થાય છે. કલ્યાણ ચોકમાં... ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે.... જેવા પ્રાચીન રાસના સથવારે અવનવા સ્ટેપ ભરાતા ખેલૈયાઓ દર્શકોને ડોલાવ્યા હતા.

# પાલનપુરના વિદ્યાર્થીએ ૧૧ હજાર ભરેલુ પાકીટ મુળ માલીકને પરત કરી માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યુ

પાલનપુર, તા. ૨

પાલનપુર શહેરમાં રહેતા અને દિવસે રિક્ષા અને રાત્રે હોમગાર્ડ જવાન તરીકે ફરજ બજાવતા એક વ્યક્તિના પુત્રને ગુરૂનાનક ચોક નજીકથી રૂપિયા ૧૧,૦૦૦ ભરેલ પાકીટ મળ્યુ હતુ. જેથી વિદ્યાર્થીએ પિતાની મદદથી મુળ માલીકનું સરનામુ શોધી પરત કરી માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ.

પાલનપુર સોનબાગ વિસ્તારમાં રહેતા અને દિવસે રિક્ષા તેમજ રાત્રે હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા જયંતીભાઈ જે. પરમાનો પુત્ર રિમેશ પાલનપુરની જી.ડી.મોદી કોલેજમાં આર્સમાં અભ્યાસ કરે છે. સાંજના સમયે રિમેશ તેના કાકા સાથે ગુરૂ નાનક ચોક નજીક નાસ્તો કરવા ગયો હતો. તે મસયે તેને એક પાકીટ મળ્યુ હતુ. જેને તપાસ કરતા પાકીટમાં અંદાજીત રૂ.૧૧,૦૦૦ તેમજ અગત્યના કાગળો હતા. જેથી વિદ્યાર્થીએ સહેજ પણ દાનત બગાડ્યા વગર આ અંગેની જાણ ઘરે આવી તેના પિતાને કરી જેથી તેના પિતાએ પાકીટમાં પડેલ આધારકાર્ડ અને વિજીટીંગ કાર્ડના મારફત પાકીટના મુળ માલીકની શોધખોળ હાથ ધરી હતી. જેથી પાકીટનો મુળમાલિક લક્ષ્મીપુરામાં રહેતો હોવાથી પાકીટની તમામ ઓળખ મેળવી રૂ.૧૧,૦૦૦ તેમજ અગત્યના ડોક્યુમેન્ટ મુળ માલીકને પરત આપી માનવતાનું ઉમદા અને પ્રેરણાદાયક ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ.

## ટોરડા નવજીવન હાઈસ્કુલનું ગૌરવ

ભિલોડા તાલુકાના ટોરડા ગામની નવજીવન હાઈસ્કુલનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતા આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે ભિલોડા તાલુકાનો કલા ઉત્સવ યોજાયો હતો.નવજીવન હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધામાં રુદ્ર એન. પટેલ, મેઘા પી. પરમારએ પ્રથમ ક્રમ મેળવી નવજીવન હાઈસ્કુલ અને ટોરડા ગામનું ગૌરવ વધારેલ છે.



## સર્વોદય હાઈસ્કૂલનું ગૌરવ વધારતા રમતવીરો

શિક્ષણની સાથે સાથે સરકારશ્રી દ્વારા આયોજીત સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતી મોડાસા નગરની શ્રી સી.જી. બુટાલા સેકંડરી અને શ્રી બી.વી. બુટાલા હાયર સેકંડરી સર્વોદય હાઈસ્કૂલના ખેલાડીઓએ ચાલુ વર્ષ દરમ્યાન સંપન્ન થયેલી જીલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં કૌશલ્ય, પરિશ્રમ, શારીરિક ક્ષમતા અને કોચીંગના સહારે વિવિધ રમતોમાં શ્રેષ્ઠ દેખાવ કરી રમતગમત ક્ષેત્રે શાળાને આગવી ઓળખ અપાવી ગૌરવવંત બનાવી છે. જીલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ ભાઈઓની ટીમ સતત બીજા વર્ષે પ્રથમ સ્થાને રહી ચેમ્પિયન બની છે. સોફ્ટ ટેનીસ સ્પર્ધામાં તમામ વિભાગોમાં ભાઈઓ/બહેનોની ટીમ પ્રથમ સ્થાને, લોન ટેનીસ અન્ડર-૧૪ ભાઈઓ, અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ ભાઈઓ/બહેનોની ટીમ પ્રથમ સ્થાને રહી. હેન્ડબોલ અન્ડર-૧૯ બહેનોની ટીમ પ્રથમ, ભાઈઓની દ્વિતીય અન્ડર-૧૪ બહેનોની ટીમ તૃતીય સ્થાને રહી. આ ઉપરાંત હોકી, એથ્લેટીક્સ જેવી રમતોમાં પણ પ્રસંશનીય દેખાવ કર્યો. શાળાના કુલ-૧૦૨ જેટલા સ્પર્ધક ભાઈ બહેનો વિવિધ રમતોમાં રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ માટે પસંદગી પામ્યા છે. રમતગમત ક્ષેત્રે શાળાને ગૌરવવંત સિદ્ધિઓ અપાવવા બદલ મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ આર. શાહ, ઉપપ્રમુખ કનુભાઈ સી. શાહ, પ્રભારી માનદમંત્રી ધીરેનભાઈ પ્રજાપતિ અને પ્રિન્સીપાલ ડૉ આર.સી. મહેતાએ આવનાર દિવસોમાં નવી ઊંચાઈઓ સર કરી જીલ્લાનું અને શાળાનું નામ અગ્રેસર કરે તેવી શુભેચ્છાઓ આપી તેઓના માર્ગદર્શક કે.એ. જોષી સ્પોર્ટ્સ ટ્રેઈનર ડૉ. અમિત ઉપાધ્યાય અને રવીન્દ્ર પુવારને અભિનંદન આપ્યા હતા.

### બાયડ દેસાઈપુરા કંપા નજીક સુજલામ સુફલામ કેનાલમાં

# કાર ખાબકતા ધનસુરાના કારચાલક યુવકનું મોત

બાયડ, તા. ૨

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો બેફામ રીતે વાહન હંકારતા સતત અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થવાની સાથે મૃત્યુદર પણ ઉંચકાઈ રહ્યો છે. બાયડ નજીક બોરલ-દેસાઈપુરા કંપા નજીક સુજલામ-સુફલામ કેનાલ નજીકથી પસાર થતી કાર અગમ્ય કારણોસર કેનાલમાં ખાબકતા યુવક કારમાંથી બહાર ન નીકળી શકતા મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. અકસ્માતના પગલે આજુબાજુથી લોકો દોડી આવી કારને બહાર નીકાળી હતી કારમાંથી યુવકની લાશને બહાર કાઢી હતી અકસ્માતની ઘટનાની જાણ ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલાને થતા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. બાયડ પોલીસને જાણ કરતા પહોંચી યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.



પ્રાપ્ત માહિતી મુજબ ધનસુરા ગામનો હમંતકુમાર પંડ્યા ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતો હતો. કાર લઈ ફાયનાન્સ કંપનીના કામકાજ અર્થે સોમવારે સાંજના સુમારે બાયડના ગ્રામ્ય વિસ્તારમો જઈ પરત ફરતા સમયે બોરલ-દેસાઈપુરા કંપા નજીક પસાર થતી પાણીથી છલોછલ સુજલામ-સુફલામ કેનાલ નજીકથી પસાર થતા અગમ્ય કારણોસર કાર કેનાલમાં ખાબકતા યુવક કારમાંથી બહાર નીકળી ન શકતા કારમાં જ દમ તોડી દીધો હતો. અહીંથી પસાર થતા લોકોએ કાર કેનાલમાં તરતી જોતા મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને કેનાલમાંથી દોરડા બાંધી ભારે જહેમત બાદ બહાર કાઢતા કારની અંદરથી કાર ચાલક યુવકના મૃતદેહને બહાર કાઢ્યો હતો. બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા 'પ્લાસ્ટિક મુકત ભારત' ઉપક્રમે કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક મુકત ભારત કાર્યક્રમ અન્વયે સંકલ્પ પત્ર સાથે કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં વેપારીઓ સહિત નગરજનો ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે 'સીંગલયુજ પ્લાસ્ટિક મુકત ભારત'ના જન આંદોલનની શરૂઆત કરવા અંગે કરેલા આહવાનને લઈને પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પ્રાંતિજ




નાનીભાગોળ ખાતે આવેલ પટેલ સમાજની વાડી ખાતે સ્વચ્છતા એજ સેવા અંતર્ગત 'પ્લાસ્ટીક મુકત ભારત' કાર્યક્રમનું આયોજન ૨જી ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સાબરકાંઠા અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડ, પ્રાંતિજ તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, નગરપાલિકા ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ સહિત નગરપાલિકા કોર્પોરેટરો તથા ભાજપ કાર્યકરો તથા નગરના આગેવાનો નગરજનો અને વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે ઉપસ્થિત સૌ કોઈ એ સ્વચ્છતાના શપથ લીધા હતા, પ્લાસ્ટિક મુકત ભારત બનાવવા પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ તથા નગરપાલિકા ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ દ્વારા વેપારીઓને તથા ઉપસ્થિત નગરજનોનેને પ્લાસ્ટિકની થેલીઓ ના રાખવા અને ઉપયોગ ના કરવા ઉપસ્થિત સૌ કોઈને અપીલ કરી હતી અને ઉપસ્થિત રહેલ નગરજનો વેપારીઓને કાપડની થેલીઓનુ વિતરણ કરવામાં આવ્યું હતુ.

## લીલછા રચના વિદ્યાલય ધ્વારા સફાઈનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨

ભિલોડા તાલુકાના લીલછા ગામની રચના વિદ્યાલયના વિદ્યાર્થીઓ ધ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે સફાઈ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. લીલછા પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર, હોસ્ટેલ, લીલછા ગામના રસ્તાઓ સહિત ઠેર-ઠેર સફાઈ કરાઈ હતી. આચાર્ય અમૃતભાઈ બરંડા, હેમલત્તાબેન બરંડા, સચિનભાઈ બરંડા, નિલેશભાઈ પ્રજાપતિ, સુરપાલસિંહ સિસોદીયા, પ્રહલાદભાઈ પટેલ, મોનિકાબેન બરંડા, ગ્રામજનોએ ભાગ લીધો હતો.

## ભિલોડામાં દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુઓ માટે સ્પે. ખેલ મહાકુંભ યોજાયો

અરવલ્લી જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી, મોડાસા, રાષ્ટ્રીય અંધજન મંડળ સાબરકાંઠા અને અરવલ્લી શાખા, ઈડરના સંયુક્ત ઉપક્રમે ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ માટે સ્પે. ખેલ મહાકુંભ યોજાયો હતો.૧૫૦ દિવ્યાંગ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અધ્યક્ષ સ્થાને ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડાં.અનિલભાઈ જોષીયારા, અંધજન મંડળ ઈડર શાખાના મંત્રી પ્રો.ભાસ્કરભાઈ મહેતા, પ્રવિણાબેન મહેતા, પ્રોજેક્ટ કન્વીનર આર.સી.પટેલ,જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહીતભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી, આચાર્ય વી.ટી.ચૌહાણ, વ્યાયામ શિક્ષક મુકેશભાઈ સી.ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિના ભાગરૂપે સ્વચ્છતા જાગૃતી રેલી યોજાઈ

પાલનપુર, તા. ૨

પાલનપુરમાં વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી કરવા જઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજરોજ વિદ્યામંદિર ખાતેથી સ્વચ્છતા રેલી યોજવામાં આવી હતી. જે શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી શાળાએ પરત આવી હતી.

બનાસકાંઠાના પાલનપુર શહેરમાં આવેલી વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા શહેરમાં લોક ઉપયોગી અવનવા કાર્યક્રમો કરી લોકોમાં જાગૃતિ લાવી પ્રેરણાદાઈ કાર્ય કરવામાં આવે છે. તેજ રીતે પાલનપુર શહેરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા ન હતી. જેથી વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા પાલનપુર જહાનારા બાગ ખાતે ગાંધીજીની પ્રતિમા તૈયાર કરવામાં આવી છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ ગેસ્ટહાઉસ માલિકોએ નીતિ-નિયમો નેવે મુકયા

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ કેટલાક નામચીન ગેસ્ટહાઉસો માલિકો દ્વારા નિતિ નિયમોને નેવે મુકીને પૈસાની લ્હાયમાં જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા નજરે પડે છે. જેની જવાબદારી છે તે તંત્ર ગૌર નિંદ્રામાં હોય તેવું હાલ તો સ્પસ્ટ પણે જણાઈ આવે છે.

અમદાવાદ-હિંમતનગર નેશનલ આઠ પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ ગેસ્ટહાઉસમાં દિવસ દરમ્યાન કેટલાય નામચીન ગેસ્ટહાઉસમાં અવર-જવર છતાં પણ ગેસ્ટહાઉસ માલિકો દ્વારા એકલ દોકલ માત્ર એન્ટ્રી કરવામાં આવે છે. કેટલાક ગેસ્ટહાઉસમા લગાવવામાં આવેલ સીસી કેમેરા ખાલી નામ પૂરતા જ હોય તેવું જણાઈ આવે છે. અનેકવાર રજુઆતો ઉઠવા બાદ પણ જેના સિરે જવાબદારી છે તે તંત્ર હાલ તો ગૌર નિંદ્રામા હોય તેવું જણાઈ આવે છે. ત્યારે બીજી તરફ ગેસ્ટહાઉસોની પાસે અજાણ્યા ઈસમો પોલીસના સ્વાંગમાં આવીને ગેસ્ટહાઉસમાંથી અવરજવર કરતા કપલો પાસે તગડો તોડ કરવાની ચર્ચાઓ પણ હાલ તો ટોપ એન ટાઉન બની છે. છતાં જવાબદાર તંત્ર સહિત સ્થાનિક પોલીસ તંત્ર કુંભ કર્ણ નિંદ્રામાં હોય તેવું જણાઈ આવે છે. અગાઉ પણ એક નામચીન ગેસ્ટહાઉસની તપાસ જવાબદાર તંત્ર દ્વારા પ્રાંતિજ પોલીસને લેખિતમાં સોંપવામાં આવી છે અને તંત્ર દ્વારા પરવાનો પણ રીન્યુ નથી કરવામાં આવ્યો પણ આજદિન સુધી પોલીસ દ્વારા તે ગેસ્ટહાઉસમાં ડોકયુ પણ કર્યુ નથી જેથી પ્રાંતિજ પોલીસ પણ બધુ જાણતી હોય અને આખે હપ્તાનાં પાટા હોય તેવું હાલ તો સ્પસ્ટ પણે જણાઈ આવે છે.

બીજી બાજુ પૈસા કમાવાની લ્હાયમાં કેટલાક ગેસ્ટહાઉસ માલિકો દ્વારા નિતિ નિયમોને નેવે મુકીને નાની બાળકીઓ કે જે સગીર વયની હોવા છતાં પોતાના ગેસ્ટહાઉસમાં એન્ટ્રી આપે છે જેને લઈને પ્રાંતિજ સહિત તાલુકાના લોકોમાં હાલ તો રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે હાલ તો એક બાજુ નામચીન ગેસ્ટહાઉસ માલિકો નિતિ નિયમોનો જાહેરમાં ભંગ કરે છે અને આનો લાભ કેટલાક લેભાગુ તત્વો ટોળકી પોલીસના સ્વાંગમાં આવીને ગેસ્ટહાઉસોની બહાર તગડો તોડ કરી જાય છે, ત્યારે અવારનવાર રજુઆતો બાદ પણ જવાબદાર તંત્ર તથા પ્રાંતિજ પોલીસ ગૌર નિંદ્રામાં હોય તેવું હાલ તો સ્પસ્ટ પણે જણાઈ આવે છે. ત્યારે જોવાનું એ રહ્યું કે આ પ્રેસનોટ પ્રસિધ્ધ થયા પછી તંત્ર કોઈ એક્શન લે શે કે પછી ગેસ્ટહાઉસ માલિકો દ્વારા વજન મુકવામાં આવતા આ પ્રેસનોટ ખાલી પ્રેસનોટ જ રહી જશે એ તો હવે આવનાર દિવસોમાં ખબર પડશે એ તો હવે જોવું રહ્યું.




## ડીસા તાલુકા હેલ્થ કચેરી દ્વારા આયુસમાન ભારત પખવાડિયાની ઉજવણી

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની સૂચના અન્વયે આજે ડીસા તાલુકા હેલ્થ કચેરી દ્વારા આયુસમાન પ્રધાનમત્રી જન આરોગ્ય યોજનાના અમલીકરણને એક વર્ષ પુરૂ થતું હોઈ તેને ભાગરૂપે તા. ૧૫-૯- ૧૯ થી ૨-૧૦-૧૯ સુધી આયુસમાન ભારત પખવાડિયા તરીકે ઉજવવાનું નક્કી થયેલ હોઈ તે સંદર્ભે આજે તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિસા તાલુકામાં આયોજનનો પ્રચાર પ્રસાર થાય તેમજ જરૂરિયાતવાળા લોકો આ યોજનાનો લાભ લઈ શકે બેનર્સ હેનડી દ્વારા માઈક દ્વારા સુત્રોચાર કરી પ્રચાર કરવામાં આવ્યો હતો. આરેલી તાલુકા હેલ્થ કચેરીથી નીકળી સાંઈબાબા સર્કલથી ફુવારા સર્કલ સુધી ફરી હતી. આ રેલીમાં અર્બન હેલ્થ સેન્ટર એક અને બે તાલુકા હેલ્થ ઓફિસર જે એચ હરિયાની ટીએચઓ સ્ટાફ ટીએચસી અને એમપીએચએસના સ્ટાફ જોડાયો હતો.

## ભિલોડામાં અરવલ્લી જિલ્લા કક્ષાનો મહાશ્રમ દાન કાર્યક્રમ

ભિલોડામાં અરવલ્લી જીલ્લા કક્ષાનો મહાશ્રમ દાન કાર્યક્રમ અને ફીટ ઈન્ડીયા રેલીનો કાર્યક્રમ યોજાયો હતો. ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે મહાશ્રમ દાન કાર્યક્રમ અને ફીટ ઈન્ડીયા કાર્યક્રમ અંતર્ગત રેલીનું પ્રસ્થાન હાથમતી નદીના પુલ પાસેથી કરાયું હતું.ભિલોડા ગામના વિવિધ વિસ્તારોમાં શ્રમદાન કરાયું હતું. એન.આર.એ. વિદ્યાલયમાં સ્વચ્છતા શપથ ગ્રહણનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.

સ્વચ્છતા ત્યાં પ્રભુતા,સ્વચ્છ રાષ્ટ્ર બનાના હૈ, હર ઘર સે પ્લાસ્ટીક કો હટાના હૈ, હમ સબ કા એક હી નારા પ્લાસ્ટીક કો હટાના હમારા લક્ષ્ય હૈ, સ્વચ્છતા એ જ સેવા પરમો ધર્મના બેનરો સાથે વાજતે ગાજતે રેલીનું પ્રસ્થાન કરાયું હતું. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે સ્વચ્છ પ્લાસ્ટીક મુક્ત ભારત એ જ નવા ભારતનું નિર્માણ,પ્લાસ્ટીક મુક્ત સ્વચ્છ ભારતનો સંકલ્પ લેવડાવ્યો હતો.

# ડીસામાં વેપારીનું અપહરણ કરનાર બે આરોપી જેલ હવાલે

ડીસા, તા. ૨

ડીસામાં રવિવારે ૬ લાખની ખંડણીના ઈરાદે ગાડી સાથે એક વેપારીનું અપહરણ કરવામાં આવ્યુ હતું પરંતુ પોલીસે સતર્કતા દાખવી બે આરોપીને ઝડપી પાડી ગણતરીના કલાકોમાં જ વેપારીને છોડાવી દીધો હતો. ત્યારબાદ બંનેની પૂછપરછના આધારે અપહરણમાં સામેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ગત તા. ૨૯-૯-૧૯ને રવિવારના રોજ બપોરના બાર વાગ્યાના સુમારે ડીસા રત્નદીપ સોસાયટી, પારકર ભુવન સામેથી વેપારી અંકુરભાઈ પ્રકાશભાઈ અગ્રવાલને તેમની વર્ના કાર (નંબર જીજે. ૮ એ.ઈ.૭૩૬૮) સાથે આરોપીઓએ અગાઉથી બનાવેલ પ્લાન મુજબ પોતાનુ બાઈક ટકરાવી ઘવાયાનો ઢોંગ રચી ઈજા પામનારને દવાખાને લઈ જવો છે તેમ કહી અંકુરભાઈની કારમાં બેસી રસ્તામાં આરોપીઓએ અંકુરભાઈના ગળામાં ચાકુ ભીડાવી જમણા હાથની હથેળીમાં ઈજા કરી ધમકાવી ડરાવી તેમને છોડી મુકવાના તેમના ઘરના સભ્યો પાસેથી રૂ. ૬૦,૦૦,૦૦૦/-ની માંગણી કરી ગાડીને પણ નુકસાન કરેલ. અંકુરભાઈનું અપહરણ કરી ભગાડી જતાં તેની જાણ થતા અજીત રાજયાણ, તાબડતોબ બનાસકાંઠાની એલ.સી.બી. તથા પેરોલ ફર્લો, તથા પોલીસ સ્ટેશનના અધિકારી સ્ટાફની છ ટીમો બનાવી બનાસકાંઠામાંથી બહાર જતા તમામ રસ્તાઓ ઉપર નાકાબંધી ગોઠવી આરોપીઓને પકડી પાડવા સુચના આપી હતી. જેના પગલે પી.એલ. વાઘેલા, એ તેમના બાતમીદારો તથા રાજસ્થાન બોર્ડરના તમામ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી તથા જીલ્લા પોલીસની ટીમોને રસ્તાઓ રોકવા સુચનાઓ કરતાં બનાસકાંઠાની તમામ ટીમો તે મુજબ રસ્તાઓ રોકતાં આરોપીઓ અપહરણ કર્તાને લઈ બહાર જઈ શકેલ નહી અને ગણતરીના કલાકોમાં પોલીસના ઘેરાવામાં ડીસા રાંણપુર રસ્તા પાસે બે આરોપીઓ પકડાઈ ગયેલ અને બે અંધારાનો લાભ લઈ નાસી ગયેલા જેમાં પકડાયેલ આરોપી રવિકુમાર કાનજીભાઈ પરમાર અને ભરતકુમાર રમેશભાઈ દરજી તથા નાસી ગયેલ આરોપી ગોવાભાઈ મફાજી ઠાકોર( રહે. પાલનપુર ઘેમરપુરા) અને દલપતભાઈ ઠાકોર (રહે.ભોયણ તા.ડીસા) હતા.

